**<u>મે. મજુર અદાલત, સુરત ખાતેના પ્રમુખ અધિકારીશ્રી એચ.ડી.રાજપુરા સાહેબ સમક્ષ</u>**

**રેફરન્સ (એલ.સી.એસ) કેસ નં.૨૦૯/૨૦૨૧**

**આંક – ૧૨**

**પ્રથમ પક્ષકાર : ૧. હેવેલ્લી હાઈટસ બિલ્ડરશ્રી પરિમલભાઈ દેસાઈ**

હે. આશિર્વાદ પેલેસ ગેટ નં.૪ની સામે, ભટાર ચાર રસ્તાની બાજુમાં,

ભટાર,સુરત ૩૯૫૦૧૭

**૨. હેવેલ્લી હાઈટસ –બિલ્ડરશ્રી હાર્દિકભાઈ દેસાઈ**

હે. આશિર્વાદ પેલેસ ગેટ નં.૪ની સામે, ભટાર ચાર રસ્તાની બાજુમાં,

ભટાર,સુરત ૩૯૫૦૧૭

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર : સંદિપકુમાર રામબીલાશ પાસવાન**

રહે. બ્લોક નં.૨૪૦, ફલેટ નં.૨૦૫૪ એલ.આઈ.જી, ૫૪૦ની બિલ્ડીંગ,

ગુ.હા.બોર્ડ, પાંડેસરા,સુરત ૩૯૪૨૨૧

**હાજર રહયા :**

**પ્રથમ પક્ષકાર તરફે : વિ.વકીલશ્રી હેમંતભાઈ દેસાઈ**

**બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિશ્રી મનોજભાઈ પટેલ**

**:: <u>એવોર્ડ</u> ::**

**(૧)** હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી, સુરતની કચેરીના હુકમ ક્રમાંક : કે.એચ./એસ.એચ.એમ.સી./એ.જે./આઈ.ડી.આર./૨૩૧/૨૦૨૧ ની તા.૨૦/૧૦/૨૦૨૧ થી બીજા પક્ષકાર/શ્રમયોગીને (જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''અરજદાર'' તરીકે ઉલ્લેખ કરેલ છે) ને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં (કે જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''સામાવાળા'' તરીકે ઉલ્લેખ કરેલ છે)માં પુન:સ્થાપિત કરવા કે કેમ? તે મુદ્દાના ન્યાય નિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(૨) સદર કામે પક્ષકારોને નોટીશ કરતા સદર કામે અરજદાર તરફે કન્સીલેશન ના કામે હાજર રહેલ વી.પ્રતિનિધીશ્રી હાજર થયેલ હોય અને તેના માંગણાનું નીવેદન રજુ કરવા સારુ મુદત રીપોર્ટ આપેલા નું રેકર્ડ જોતા જણાય આવે છે. પરંતુ અરજદારને પુરતી તકો આપવા છતા અરજદાર તરફે માંગણાનું નીવેદન રજુ ન કરતા સામાવાળા તરફે આંક – ૦૮ થી અરજી આપતા તે અરજી અન્વયે વીગતવાર હુકમ કરી અરજદારનો માંગણાનું નીવેદન રજુ કરવાનો હકક બંધ કરેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

(૨/૧) અરજદાર તરફે માંગણાનું નીવેદન રજુ કરેલ ન હોય જે કારણોસર સામાવાળા તરફે પણ કોઈ જવાબ રજુ કરવા માગતા ન હોવાનું જાહેર કરેલાનું આંક–૦૯ ની પુરશીસ લક્ષમાં લેતા જણાય આવે છે.

(૩) અરજદાર તરફે કોઈ પુરાવો રજુ કરતા ન હોય સામાવાળા તરફે આંક – ૧૦ થી અરજી આપતા તે અરજી અન્વયે વીગતવાર હુકમ કરી અરજદાર નો પુરાવાનો હકકબંધ કરેલા ન રેકર્ડ જોતા જણાય આવે છે.સામાવાળા તરફે આંક – ૧૧ થી કલોઝીંગ પુરશીસ રજુ રાખેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.

(૪) આમ ઉપરોક્ત તમામ હકીકતો તથા રેકર્ડ ધ્યાને લેતાં સદર કામે આ કેસના આખરી નિકાલ અર્થે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**:: મુદ્દા ::**

૧. શું અરજદાર સાબિત કરે છે કે સામાવાળાનું તેમને નોકરીમાંથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય, જેને લીધે તે સામાવાળી સંસ્થામાં તેમને મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકદાર છે ?

૨. શું હુકમ ?

**:: જવાબ ::**

૧. મુદ્દા નં.૧ – નકારમાં.

૨. મુદ્દા નં.૨– આખરી હુકમ મુજબ.

<u>:: કારણો ::</u>

<u>મુદ્દા નં.૧–</u>

(૫) સદર કામે જોય એ તો, અરજદાર તરફે પુરતી તકો આપવા છતા સદર કામે હાજર થઈ માંગણાનું નિવેદન રજુ રાખેલ હોય કે તેના ધ્વારા જે તે સમયે મદદનીશ શ્રમ આયુકત, સુરત ના ઓ સમક્ષ કરેલ ફરીયાદ કે જે સંદર્ભે હાલનો રેફરન્સ થયેલ હોય તેના સમર્થનમાં કોઈપણ પ્રકારના મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ ન હોય, અને સદર કામે સામાવાળા તરફે આંક – ૦૮ તથા આંક–૧૦ થી અરજી આપતા તે અરજી અન્વયે વીગતવાર હુકમ કરી અરજદારનો માંગણાનું નીવેદન રજુ કરવાનો તથા પુરાવો રજુ કરવાનો હકકબંધ કરેલાનું રેકર્ડ જોતા જણાય આવે છે.ત્યારબાદ પણ સદર કામે અરજદાર તરફે હાજર થઈ પોતાના કોઈપણ હકકો ખોલાવી કામ આગળ ચલાવવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ ન હોય તેમજ સદર કામે અરજદારની બેદરકારી અને નિષ્કાળજીને લીધે ડીલે થતુ હોય અને સદર કામ ચલાવવામાં અરજદારને રસ ન હોવાનુ જણાય આવતુ હોય, આમ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર માલીકના સંબંધો હોવાનું અને સામાવાળા ધ્વારા અરજદારને ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરી દીધેલા ની હકકીત અરજદાર પુરાવાથી સાબીત કરી શકેલ ન હોવાનુ અમોનુ નમ્ર પણે માનવુ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–::હુકમ::–**

**(૧) અરજદારનો હાલનો રેફરન્સ નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**(૨) પક્ષકારોએ પોત–પોતાનો ખર્ચ જાતે ભોગવવો.**

**તારીખ:– ૨૧/૧૨/૨૦૨૪**
**સ્થળ : સુરત**

**(હાર્દિક દીલીપભાઈ રાજપુરા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નંબર –૫**
**સુરત.**
**(CODE NO.GJ01291)**